# ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

**પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**
**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**
**E-Mail- forum.pgvcl@gebmail.com**

**પીજીવીસીએલ/સીજીઆરએફ/૩૫/ક્વા-૧/૧૯-૨૦/** **તા.**

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં. ૨/૨૦૧૧ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ,**રાજકોટ**ના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG- ૩૫/ક્વા-૧/૧૯-૨૦

અરજદાર: **ઉર્મિલાબેન વલ્લભદાસ જીવાણી** ગામ: શાપર વે.
રજૂઆત કરનાર: **અરજદાર વતી તેના પ્રતિનિધિ તરીકે તેજસભાઈ વલ્લભદાસ જીવાણી હાજર રહેલ છે.**

## :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર : પીજીવીસીએલ વિભાગીય કચેરી - રાજકોટ ગ્રામ્ય
રજૂઆત કરનાર: નાયબ ઈજનેર શ્રી (ટેક) **એમ.એ.ચાવડા** પીજીવીસીએલ વિભાગીય કચેરી - રાજકોટ ગ્રામ્ય

## :: કોરમ ::

૧) ચેરપર્સન -શ્રી જે.બી. પારેખ,
૨) મેમ્બર સ્વતંત્ર - કોકિલાબેન જે. મોટાણી

સુનાવણી સ્થળ: કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી, રાજકોટ
તારીખ: ૨૭-૦૮-૨૦૧૯ (મંગળવાર)

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૦૫-૦૭-૧૯ ના રોજ રાખવામાં આવેલ હતી. જેમાં બન્ને પક્ષકારો હાજર રહેલ હતા. સદર ફોરમ મીટીંગ માં ફોરમ કમીટી દ્વારા સ્થળ તપાસ બાદ રિપોર્ટ આપવા પીજીવીસીએલ ને સુચના આપેલ તે ત્યારબાદ તા. ૩૦-૦૭-૧૯ ની સુનાવણી માં પણ બન્ને પક્ષકારો હાજર રહેલ હતા. પરંતુ ફોરમ કમીટી ની સુચના મુજબ પીજીવીસીએલ પક્ષકાર દ્વારા જરૂરી રિપોર્ટ રજુ કરેલ ન હોવાથી સદર કેઈસ ની સુનાવણી તા. ૨૭-૦૮-૨૦૧૯ ના રોજ રાખેલ હતી જેમાં ઉપર મુજબ ના પક્ષકારો હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદાર ઉર્મિલાબેન વલ્લભદાસ જીવાણી ગામ -શાપર વેરાવળ, તેઓની અરજીના નોંધણી નં: ૩૫/ક્વા-૧/૧૯-૨૦, માં જણાવે છે કે, તેઓના મીટર મા કોઈ ટેકનીકલ કારણોસર માહે ઓગષ્ટ–૧૭ ના બીલમાં અકલ્પય વધુ યુનીટ દર્શાવતા – જે તે સમયે લોધીકા પેટા વિભાગીય કચેરીમાં રૂબરૂ મીટર બદલાવવા માટે કાર્યવાહી કરેલ. જે મીટર ની તપાસણી જાણકારી આપ્યા વગર કરાયેલ, અને પછીના બીલમાં રૂ.૫૧,૨૫૮/– નુ વધારાનુ બીલ આપેલ. છેલ્લા ૦૩ વર્ષમાં વીજવપરાશ ને ધ્યાને લેતા સદર વીજવપરાશ નુ બીલ – અકલ્પય છે. સદર મીટર મા સરેરાશ વીજવપરાશ ૧૦૦૦ યુનીટ ની આસપાસ રહે છે. સદર બીલ ના અનુસંધાને – લેખીત અરજી કરવા છતા – પ્રત્યુતર ન મળતા – રૂબરૂ તપાસ કરતા લોધીકા વાળી ઓફિસ પારડી ખાતે ટ્રાન્સફર થતા – સદર બાબતે ની મૌખિક રજુઆત કરેલ – જે અનુસંધાને – પારડી પેટા વિભાગીય કચેરી દ્વારા સદર મીટર લોધીકા ઓફિસ થી મંગાવેલ – જે બાબતની

જાણકારી આપતો પત્ર – અરજદાર ને તા.૧૬–૦૭–૧૮ ના રોજ મળેલ. સદર મીટર એચ.પી.એલ. કંપની નુ હોય – ભુતકાળ માં સદર કંપની ના મીટર જમ્પ મારી જવાની તેમજ કલ્પના બહાર ના બીલો આવેલ છે, જે વિદીત થાય – તેમજ ઉપરોકત તકરારી બીલ ની રકમ સીવાયના રેગ્યુલર વીજવપરાશ ના બીલમાં અન્યાયી વિલંબીત ચુકવણી ચાર્જ ભરપાઈ કરીએ છીએ, જે આજસુધી કુલ રૂ.૧,૫૮૦/– છે. આમ, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ – ખોટા તકરારી બીલ ની રકમ અને તેના વિલંબીત ચાર્જ ની બાબતો ને ધ્યાને લઇ ને ન્યાય આપવા રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 અરજદાર ની રજૂઆત અન્વયે પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે-ઉર્મિલાબેન વલ્લભદાસ જીવાણીની લોધિકા પેટા વિભાગીય કચેરી ખાતે વેરાવળ મુકામે ગ્રાહક નંબર ૩૩૪૦૭-૦૧૦૯૨-૩ થી ઘરવપરાશનું વીજજોડાણ ધરાવે છે. જે જોડાણનું ઓગષ્ટ-સપ્ટેમ્બર-૧૭ માં સ્થળ પર મીટર રીડર દવારા તા.૨.૧૦.૧૭ ના રોજ બિલ બનાવવા જતા મીટરમાં રીડીંગ ૨૨૯૮૭ જણાતા રીડીંગ વધુ હોય મીટર રીડર દવારા ઓવર રીડીંગના રીમાર્કસ સાથે અરજદારને નિયમ મુજબ મીટરને ફોલ્ટી ગણી એવરેજ ૧૦૩૦ યુનિટનું રૂા.૬૫૯૪.૬૮ નું બિલ આપવામાં આવેલ હતુ.

ત્યારબાદ તા.૩.૧૦.૧૭ ના રોજ ગ્રાહકનું મીટર બદલાવતા મીટરના બદલ્યા તારીખના એટલે કે તા.૩.૧૦.૧૭ ના છેલ્લા રીડીંગ ૨૩૦૦૪ મુજબ ગ્રાહકને ૮૨૫૦ યુનિટ ( ૨૩૦૦૪-પાસ્ટ રીડીંગ ૧૪૭૫૪ ) નું રૂા.૫૭૮૭૯.૩૭ નું રીવાઇઝ બિલ આપવામાં આવેલ હતુ પરંતુ અરજદારે રીવાઇઝ બિલના બદલે તેઓને આપવામાં આવેલ ફોલ્ટી મીટરના બિલ પેટે રૂા.૬૬૦૦/- ભરપાઇ કરતા રીવાઇઝ બિલ પેટેના રૂા.૫૧૨૭૯.૩૭ ગ્રાહકના પછીના બિલમાં બાકી રકમ તરીકે બતાવેલ છે.

અરજદારે તેઆની અરજીમાં જણાવેલ છે કે તેઓને મીટરની તપાસણી અંગે કોઇ જાણ કર્યા વગર એકતરફી કરવામાં આવેલ છે જે અંગે જણાવવાનું કે ગ્રાહકને પત્ર નં-૧૦૧૫૩ થી તા.૩૦.૧૦.૧૭ ના રોજ લોધિકા પેટા વિભાગીય કચેરી દવારા બદલાવેલ મીટરની ચકાસણી માટે લેબોરેટરીમાં હાજર રહેવા માટે ૩.૧૧.૧૭, ૧૦.૧૧.૧૭ અને ૧૭.૧૧.૧૭ એમ ત્રણ તારીખ આપવામાં આવેલ પરંતુ આપવામાં આવેલ તારીખોએ ગ્રાહક કે ગ્રાહકનો કોઇ પ્રતિનીધી લેબોરેટરીમાં હાજર ન રહેતા તા.૧૭.૧૧.૧૭ ના રોજ ચકાસણી કરવામાં આવેલ જે લેબ રીપોર્ટમાં મીટરના છેલ્લા રીડીંગ ૨૩૦૦૪ અને મીટર પણ બરાબર છે તેવું જણાવેલ છે જે લેબરીપોર્ટની નકલ રજુ કરેલ છે.

અરજદારે ગ્રાહક તકરાર નિવારણમાં કરેલ ઉપરોકત ફરીયાદના અનુસંધાને ગ્રાહકના સ્થળની તપાસ કરતા તા.૨૦.૮.૧૯ ના રોજકામ મુજબ ગ્રાહકનો હાલના લોડમાં પણ મીટર બદલાવ્યા સમયના લોડ કરતા વધુ ફેરફાર ન હોય અને જુનું મીટર પ્રાપ્ય ન હોય અરજદારની અરજી મુજબ એવરેજ બિલ આપી શકાય નહિ.

અરજદારની અરજીના સંદર્ભમાં જણાવ્યા મુજબ ચાર પત્રો લખવા છતાં દશ માસ વીત્યા બાદ તેઓની સાથે કોઇ હકારાત્મક કાર્યવાહી કરવામાં આવેલ નથી જે અંગે જણાવવાનું કે ગ્રાહકને ત્યાં મીટર બદલાવ્યા બાદ ડિસેમ્બર-૨૦૧૭ માં લોધિકા પેટા વિભાગીય કચેરીનું બાયફરગેશન થતાં અરજદારનું વીજજોડાણ નવી બનેલ પારડી પેટા વિભાગીય કચેરીમાં ટ્રાન્સફર કરવામાં આવેલ હતું.આથી અરજદારની અરજીના સંદર્ભમાં તા.૬.૧૨.૧૭ ની અરજીમાં ગ્રાહકે મીટરની ફરી ચકાસણી કરવા જણાવતા નાયબ ઇજનેરશ્રી પારડી દવારા પત્ર નં-નાઇ/પીઆરએસડી/૪૯૪૬ થી તા.૧૦.૭.૧૮ ના રોજ લોધિકા પેટા વિભાગીય કચેરીને બદલાવેલ મીટર મોકલવા જણાવેલ પરંતુ લોધિકા પેટા વિભાગીય કચેરીમાં મીટર ઉપલબ્ધ ન હોય પારડી પેટા વિભાગીય કચેરી દવારા પત્ર નં-નાઇ/પીઆરએસડી/૪૯૮૭ થી તા.૧૬.૭.૧૮ ના રોજ મીટર મળ્યે આગળની કાર્યવાહી કરવામાં આવશે તેવો અરજદારને પ્રત્યુતર પાઠવવામાં આવેલ.

આમ, અરજદારને આપવામાં આવેલ બિલ લેબ ચકાસણી રીપોર્ટ મુજબ મીટર બરાબર હોય છેલ્લા રીડીંગ ધ્યાને લઇ આપવામાં આવેલ છે જે કંપનીના નિયમ મુજબ યોગ્ય છે.

૩.૧ ફોરમ કમિટી ની સુચના મુજબ – સદર અરજદાર-ઉર્મિલાબેન વલ્લભદાસ જીવાણી ના વીજજોડાણ ગ્રાહક નં. – ૬૧૯૦૭/૦૧૦૯૨/૦ના વીજજોડાણ ની ચકાસણી તા.૨૦–૦૮–૧૯ થી કરવામા આવેલ હતી, જેની નકલ ફોરમ સમક્ષ રજુ કરેલ છે.

## :: હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખીત રજુઆત તથા સામાવાળાની રજુઆત અને રજુ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ કમિટી તરફથી નીચે મુજબ નો નિર્ણય કરાયેલ છે.

૪.૧ અરજદાર -ઉર્મિલાબેન વલ્લભદાસ જીવાણી ના વીજજોડાણ ગ્રાહક નં. – ૩૩૪૦૭/૦૧૦૯૨/૩ ઘરવપરાશ વીજજોડાણ ના હેતુ માટે લોધિકા પેટા વિભાગીય કચેરી હેઠળ વીજજોડાણ ધરાવતા હતા. સદર અરજદાર દ્વારા તા.૦૬–૧૨–૧૭ ની રજુઆત લોધિકા પેટા વિભાગીય કચેરીમાં આપેલ, તે મુજબ– માહે ઓગષ્ટ–સપ્ટેમ્બર– ૨૦૧૭ નુ બીલ તા.૦૨–૧૦–૧૭ માં ૮૫૨૪૮ યુનીટ ના બીલ ની રકમ રૂ.૬,૦૫,૦૨૬/૭૪ અપાયેલ છે. અરજદારની રજૂઆત મુજબ તેઓના વીજ મીટરમા ટેકનીકલ ક્ષતિ ને કારણે વધુ યુનીટ નુ વીજબીલ જણાતા – અરજદાર ની રજુઆત અન્વયે સામાવાળા દ્વારા મીટર બદલાવવાની કાર્યવાહી તા.૦૩–૧૦–૧૭ ના રોજ પર્ફોમા –૧૫ નંબરઃ આરઆરડી/૦૫૬૬૫૬ થી કરવામા આવેલ. જે અન્વયે, રજુ કરેલ ચેકીંગ શીટ નં. – આરઆરડી/૦૪૦૧૫૬ મુજબ વિગતો નીચે પ્રમાણે છે.

| Particulars | Old Meter Dt.03.10.17 | New Meter Dt03.10.17 | Old Meter-As per MTLab Dt. 17.11.17 |
|---|---|---|---|
| Make | HPL | HPL | HPL |
| Meter No | 01656021 | 03292058 | 061656021 |
| Capacity | 05- 30A | 05- 30A | 05- 30A |
| C. Reading | 23004 | 02 | 23004 |
| REMARKS | ચેકીંગ શીટ મુજબ કુલ વીજભાર ૭૪૦ વોટ બતાવેલ છે. | | રીપોર્ટ મુજબ મીટર બરાબર છે. |

ઉપરોત મીટર ચકાસણી બાબતે મીટર ટેસ્ટીંગ લેબમાં હાજર તા. ૦૩.૧૧.૧૭, તા.૧૧.૧૧.૧૭ અને તા.૧૭.૧૧.૧૭ રહેવા નોટીસ તા. ૩૦.૧૦.૧૭ થી અરજદારને પાઠવેલ છે. ત્યારબાદ અરજદાર મુદત મુજબ હાજર ન રહેતા તા. ૧૭.૧૧.૧૭ ના રોજ એકતરફી મીટર ચકાસણી કરેલ છે. જેના રીપોર્ટ મુજબ રીડીંગ ૨૩૦૦૪ અને મીટર બરાબર જણાયેલ છે.

૪.૨ અરજદારની રજૂઆત મુજબ તેઓને સદર મીટરની ચકાસણી માટે મીટર ટેસ્ટીંગ લેબોરેટરીમાં હાજર રહેવાની નોટીસ મળેલ નથી તેમજ અરજદારે તા.૦૭.૧૨.૨૦૧૭ થી સવાલવાળા મીટરને ફરી ચકાસણી કરવા પેટાવીભાગીય કચેરી લોધીકાને જાણ કરેલ છે,જે અનુસંધાને પેટાવીભાગીય કચેરી, પારડી દ્વારા અરજદારને પત્ર તા. ૧૬.૦૭.૧૯ થી જણાવેલ કે જે તે સમયે સદર મીટર લોધિકા પેટાવીભાગીય કચેરી માં હોઈ જે મીટર મોકલશે ત્યારે આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

૪.૩ સદર અરજદારના વીજવપરાશ ના રીપોર્ટ પી.આર.ટી.–૧૪૫ નીચે મુજબ છે.

| CONSUMER-NO:-61907/01092/0 | | | | | |
|---|---|---|---|---|---|
| BILIN PERIOD | CURR-RDG | PAST-RDG | CONSMPTN | MST | BILL-DATE |
| DEC,10 BIL JAN,11 | 5812 | | 220 | | 13-11-10 |
| DEC,JAN,11 BIL FEB,11 | 5912 | 5812 | 100 | | 15-01-11 |
| FEB,MAR,11 BIL APR,11 | 6022 | 5912 | 110 | | 23-03-11 |
| APR,MAY,11 BIL JUN,11 | 6022 | 6022 | 140 | F | 26-05-11 |
| JUN,JUL,11 BIL AUG,11 | 6022 | 6022 | 140 | F | 23-07-11 |
| AUG,SEP,11 BIL OCT,11 | 6022 | 6022 | 140 | F | 20-09-11 |
| OCT,NOV,11 BIL DEC,11 | 6022 | 6022 | 140 | F | 24-11-11 |
| | | **Average** | **141** | | |
| DEC,JAN,12 BIL FEB,12 | 6022 | 6022 | 140 | F | 18-01-12 |
| FEB,MAR,12 BIL APR,12 | 6022 | 6022 | 140 | F | 23-03-12 |
| APR,MAY,12 BIL JUN,12 | 6022 | 6022 | 140 | F | 06-06-12 |
| JUN,JUL,12 BIL AUG,12 | 6022 | 6022 | 140 | F | 24-08-12 |
| AUG,SEP,12 BIL OCT,12 | 6022 | 6022 | 140 | F | 05-10-12 |
| OCT,NOV,12 BIL DEC,12 | 6022 | 6022 | 140 | F | 27-11-12 |
| | | **Average** | 140 | | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| DEC,JAN,13 BIL FEB,13 | 6022 | 6022 | 140 | F | 25-01-13 |
| FEB,MAR,13 BIL APR,13 | 6028 | 6022 | 140 | F | 13-04-13 |
| APR,MAY,13 BIL JUN,13 | 6028 | 6028 | 140 | F | 04-06-13 |
| JUN,JUL,13 BIL AUG,13 | 6028 | 6028 | 140 | F | 27-07-13 |
| AUG,SEP,13 BIL OCT,13 | 6028 | 6028 | 140 | F | 05-10-13 |
| OCT,NOV,13 BIL DEC,13 | 6028 | 6028 | 140 | F | 09-12-13 |
| | | **Average** | **140.00** | | |
| DEC,JAN,14 BIL FEB,14 | 2 | 2 | 140 | C | 31-01-14 |
| FEB,MAR,14 BIL APR,14 | 466 | 2 | 464 | | 28-03-14 |
| APR,MAY,14 BIL JUN,14 | 960 | 466 | 494 | | 08-06-14 |
| JUN,JUL,14 BIL AUG,14 | 1490 | 960 | 530 | | 05-08-14 |
| AUG,SEP,14 BIL OCT,14 | 1837 | 1490 | 347 | | 30-09-14 |
| OCT,NOV,14 BIL DEC,14 | 2237 | 1837 | 400 | | 26-11-14 |
| | | **Average** | **395.83** | | |
| DEC,JAN,15 BIL FEB,15 | 2237 | 2237 | 430 | L | 01-02-15 |
| FEB,MAR,15 BIL APR,15 | 2870 | 2237 | 633 | | 24-03-15 |
| APR,MAY,15 BIL JUN,15 | 3230 | 2870 | 360 | | 24-05-15 |
| JUN,JUL,15 BIL AUG,15 | 3880 | 3230 | 650 | | 21-07-15 |
| AUG,SEP,15 BIL OCT,15 | 4845 | 3880 | 965 | | 02-10-15 |
| OCT,NOV,15 BIL DEC,15 | 5642 | 4845 | 797 | | 01-12-15 |
| | | **Average** | **639.17** | | |
| DEC,JAN,16 BIL FEB,16 | 6346 | 5642 | 704 | | 30-01-16 |
| FEB,MAR,16 BIL APR,16 | 7158 | 6346 | 812 | | 29-03-16 |
| APR,MAY,16 BIL JUN,16 | 8162 | 7158 | 1004 | | 27-05-16 |
| JUN,JUL,16 BIL AUG,16 | 9024 | 8162 | 862 | | 30-07-16 |
| AUG,SEP,16 BIL OCT,16 | 9952 | 9024 | 928 | | 28-09-16 |
| OCT,NOV,16 BIL DEC,16 | 10890 | 9952 | 938 | | 27-11-16 |
| | | **Average** | **874.67** | | |
| DEC,JAN,17 BIL FEB,17 | 11670 | 10890 | 780 | | 27-01-17 |
| FEB,MAR,17 BIL APR,17 | 12665 | 11670 | 995 | | 30-03-17 |
| APR,MAY,17 BIL JUN,17 | 13669 | 12665 | 1004 | | 28-05-17 |
| JUN,JUL,17 BIL AUG,17 | 14754 | 13669 | 1085 | | 29-07-17 |
| **AUG,SEP,17 BIL OCT,17** | **2** | **14754** | **85248** | **C** | **02-10-17** |
| OCT,NOV,17 BIL DEC,17 | 934 | 2 | 932 | C | 26-11-17 |
| | | **Average** | **15007.33** | | |
| NOV,DEC,17 BIL JAN,18 | 1424 | 934 | 490 | | 30-12-17 |
| JAN,FEB,18 BIL MAR,18 | 2193 | 1424 | 769 | | 25-02-18 |
| MAR,APR,18 BIL MAY,18 | 2635 | 2193 | 442 | | 26-04-18 |
| MAY,JUN,18 BIL JUL,18 | 3063 | 2635 | 428 | | 19-06-18 |
| JUL,AUG,18 BIL SEP,18 | 3473 | 3063 | 410 | | 27-08-18 |
| SEP,OCT,18 BIL NOV,18 | 3793 | 3473 | 320 | | 25-10-18 |
| | | **Average** | **476.50** | | |
| NOV,DEC,18 BIL JAN,19 | 4080 | 3793 | 287 | | 24-12-18 |
| JAN,FEB,19 BIL MAR,19 | 4388 | 4080 | 308 | | 23-02-19 |
| MAR,APR,19 BIL MAY,19 | 4830 | 4388 | 442 | | 04-05-19 |
| MAY,JUN,19 BIL JUL,19 | 5321 | 4830 | 491 | | 04-07-19 |

સદર કેઈસ મા, ઉપરોક્ત બાબતે અરજદાર નો સરેરાશ વીજવપરાશ વર્ષ–૨૦૧૬ માં ૮૭૫ યુનીટ તેમજ સવાલવાળુ મીટર બદલ્યા બાદ, અરજદાર નો સરેરાશ વીજવપરાશ ૪૭૬.૫૦ યુનીટ નોંધાયેલ છે. લેબ રીપોર્ટ અને ચેકીગ શીટ મુજબ સવાલવાળુ મીટર યોગ્ય છે, તેમજ તેમાં છેલ્લા રીડીગ ૨૩૦૦૪ અને અગાઉ ના રીડીગ ૧૪૭૫૪ મુજબ– કુલ વીજવપરાશ ૮૨૫૦ યુનીટનો નોંધાયેલ છે. લેબ રીપોર્ટ મુજબ સદર મીટર નો એમ.આર.આઈ. અહેવાલ મેળવેલ હોય તેવી કોઈ નોંધ કરાયેલ નથી. તેમજ એમ.આર.આઈ. અહેવાલ ન મળેલ હોય તો તે બાબતની પણ નોંધ કરાયેલ નથી. તેમજ સામેવાળા દ્વારા એમ.આર.આઈ. અહેવાલ રજુ કરાયેલ નથી. તેમજ, અરજદાર ને સવાલવાળા મીટરમાં લેબોરેટરી ચકાસણી માટે હાજર રહેવા માટે ની નોટીસ અરજદાર ને આપવામા આવેલ હોય કે અરજદાર દ્વારા સહી કરીને સ્વીકારવાની મનાઈ કરાયેલ હોય – તેવા કોઈ જ આધાર–પુરાવા પીજીવીસીએલ પક્ષકાર દ્વારા રજુ કરાયેલ નથી. વધુમાં લેબ રીપોર્ટમાં અરજદારની ગેરહાજરીમાં કરાયેલ છે. તેમજ કોઈ સહી પણ લેવામા આવેલ નથી, કે સહી કરવા. સદર કાર્યવાહી અરજદાર ની ગેરહાજરીમાં થયેલ છે. તેમજ, અરજદારનો વીજ ચેકીગ સમયે – જોડેલ વીજભાર અને મીટર બદલ્યા બાદનો જોડેલ વીજભાર સરખોજ હોય અને અરજદાર ની રજુઆત મુજબ સામેવાળા દ્વારા સવાલવાળા મીટર ની ફેર ચકાસણી અર્થે કોઈ કાર્યવાહી કરાયેલ નથી.

૪.૪ સદર કેઈસ મા, ઉપરોકત મુદદા નં. ૪.૩ મુજબ ની વિગતોને ઘ્યાને લઈને અરજદાર ને અપાયેલ વિવાદીત વીજબીલ માહે ઓગષ્ટ–સપ્ટેમ્બર– ૧૭ નુ રદબાતલ કરીને અરજદાર ના સવાલવાળા મીટરના અગાઉ ના સરેરાશ વીજવપરાશ મુજબ વીજબીલ ને રીવાઇઝ કરવાની પીજીવીસીએલ પક્ષકાર ને અત્રે ના ફોરમ ની જાણકારી હેઠળ દિન–૩૦ મા કાર્યવાહી કરવાની સુચના આપવામા આવે છે.

૪.૫ અરજદાર ની ફરીયાદ નો આ તબ્બકે નિકાલ કરવામા આવે છે.

| | |
|---|---|
| (શ્રીમતી કે. જે. મોટાણી) | (જે.બી.પારેખ) |
| સભ્ય (સ્વતંત્ર) | ચેરપર્સન |

નોંધ:

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન ૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ સાથે વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(૩) લોકપાલ નું સરનામું: વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯